જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૪/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૦૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૮૭૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૨૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭૪૪ બીયરટીન અને ૦૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૬૦૩/૨૦૨૩

**આનંદનગરઃ** રેખાબહેન વા/ઓ આત્મારામભાઇ સોનારા (ઉ.વ.૭૨)(રહે.અભિનંદન પાર્ક સોસાયટી, ચંદ્રમૌલી સ્કુલ પાસે, રેડીયોમીર્ચી રોડ, આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૩ સવારના ૬/૪૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન “શ્યામ એલીગન્સ” ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ “ટ્રેકોન કુરીયર” સામે, ટીવીએસ ચાર રસ્તા થી વસ્ત્રાપુર ફાટક વાળા રોડ ઉપર એક તિવારી નામનો પુરૂષ અને તેની સાથે આવેલ બે અન્ય પુરૂષોએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી, રેખાબહેનને વિશ્વાસમાં લઈ, “ મૈ પુલીસ મે હુ ઔર અભિ ચોર લોગ આપ જૈસે બુઢે લોગો કો ચપ્પુ દીખા કે લુંટ લેતે હૈ” તેમ કહી રેખાબહેને પહેરેલ સોનાની પેન્ડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૫૦૦૦/- અને બંને હાથે પહેરેલ સોનાની બંગડીઓ કિંમત રૂપિયા ૮૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૨,૫૦૦/- મતાના દાગીના કઢાવી પર્સમાં મુકાવી દાગીના લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.બી.મહિડા ચલાવે છે.

**નરોડાઃ** નીલ જતીનભાઇ પટેલ (ઉ.વ.૩૩) (રહે. શિવાલીક બંગ્લોઝ આનંદનગર ક્રોસ રોડ મધુર હોટલ સામે સેટેલાઇટ) એ તા.૧૦/૦૪/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નીલ પટેલ નરોડા જી.આઇ.ડી.સી ફેઝ-૪ પ્લોટ નં.૧૩૦૪/૦૧-૧૩૦૨/૦૧-૦૨ ખાતે "રામા પોલીકોન લીમીટેડ" કંપની ધરાવી અલગ-અલગ દેશથી પ્લાસ્ટિક દાણા મંગાવી પ્લાસ્ટીકના મટીરીયલ બનાવી ધંધો કરતા હતા. તા.૨૩/૦૧/૨૦૨૩ થી તા.૨૪/૦૨/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૭૧૫૨૩૭૧૬૫૮૯ ના ધારકે નીલ પટેલને ફોન કરી પોતાનુ નામ રોનક પંજવાણી જણાવી "ડુબેલ લીંક ઇન્ટરનેશનલ જનરલ ટ્રેડીંગ એલ.એલ.સી" કંપનીના ઓવરસીસ સેલ્સ મેનેજરની ઓળખ આપી તેઓની કંપની પ્લાસ્ટીકના દાણાનું સસ્તા ભાવે વેચાણ કરતી હોવાનુ જણાવી વિશ્વાસમાં લઈ લોભામણી લાલચ આપી નીલ પટેલને વોટ્સ એપના માધ્યમથી પ્લાસ્ટિકનુ નામ તેમજ ભાવનુ લીસ્ટ મોકલતા પ્લાસ્ટિક દાણા મંગાવવા નીલ પટેલ સહમત થયા હતા અને ૧૯૮ ટન પ્લાસ્ટિકના માલનો ઓર્ડર આપતા તેઓએ તમામ ચાર્જ સાથે પ્લાસ્ટિક દાણા ૧૯૮ ટન માલ પેટે કુલ રૂપિયા ૧,૦૪,૩૫,૨૩૭/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ પ્લાસ્ટીક દાણા નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. ત્યારબાદ માલ નહી આવતા દુબઈ ખાતે કંપની ઓફીસ જઈ તપાસ કરતા ફોન ઉપર વાત કરનાર ખરેખર આરોપી લલીતકુમાર ગીરધારીલાલ પુરસનાણી તથા તે કંપનીના બિઝનેશ ડેવલોપર મેનેજર પવન ગંગવાની નામ જાણવા મળેલ હતા.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૦૪/૨૦૨૩**

**ઓઢવઃ** (૧) મંગળદાસ રેવાભાઇ પંચાલ (રહે. ચાણકય પાર્ક સ્વામિનારાયણનગર પાછળ નિકોલ ગામ રોડ નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૩ સાંજના ૫/૩૦ થી તા.૧૦/૦૪/૨૦૨૩ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ કઠવાડા જી.આઈ.ડી.સી મધુરમ એસ્ટેટની બાજુમાં વિશાલા ઇસ્ટ એસ્ટેટમા આવેલ શેડ નં-૧૯૩ તથા શેડ નં-૨૧૬,૧૯૨,૧૯૪,૨૧૫,૨૧૪ કારખાનાના દરવાજા તથા બારી તોડી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પ્રજાપતિ ચલાવે છે.

**ઓઢવઃ** (૨) શિલ્પાબહેન વા/ઓ સંજયસિંહ રાઉલજી (રહે.મોહમંદ કસાઈની ચાલી જોગેશ્વરી માતાના મંદીર પાછળ સી.એમ.સી વેરા ઉપર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ થી ૩/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૦૫/૨૦૨૩</u>**

**નિકોલઃ** નિકોલ કઠવાડા જીઆઇડીસી ગજાનંદ એસ્ટેટ ખોડલ પ્લાસ્ટિક શેડ નંબર-૫૧ ખાતે કામ કરતા અને ત્યા જ પત્ની સાથે રહેતા રાકેશભાઈ ગલાભાઈ ઠાકોર (મુળ વતન. ગામ-ખાટા તાલુકો-વિરપુર જી-મહીસાગર) ની પત્ની લીલાબહેન રાકેશભાઈ ઠાકોર (ઉ.વ.૨૦) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતના લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “આઈ” ડીવીજન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી